મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત M.M.E હેઠળ મળતી
કેન્દ્ર સરકારની સહાયમાંથી મ.ભો.યોજનામાં બાળકોને
આપવામાં આવતા અનાજ/દાળ/તેલ વગેરે જથ્થાંની
તેમજ મેનુંની વિગતો શાળાની દિવાલો ઉપર પાકા
કલરથી લખવા માટે ખર્ચની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૦/૧૨૫૭/ર,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૫ /03/૨૦૧૧

**વંચાણે લીધા**

(૧) કમિશ્નરશ્રી, મ.ભો.યો. ની કચેરીનો તા.૨૯/૦૧/૨૦૧૧ ના પત્ર ક્રમાંકઃ મભય/અમલ/૨૦૧૦૧૧/૯૧૫

**આ મુ ખ-**

સને-૨૦૧૦-૨૦૧૧ માં M.M.E હેઠળ મળેલ રૂ. ૪૮૫.૧૫ લાખની ગ્રાન્ટમાંથી ૫૦ ટકા મુજબ રકમ રૂ.૨૪૨.૫૭ લાખ તથા સને-૨૦૦૯-૨૦૧૦ ની S.T.T.I ના હવાલે તાલીમ કેન્દ્રો માટે મુકેલ ગ્રાન્ટમાંથી બચત રહેલ ૧૦૦/- લાખમાંથી રૂ. ૪૦/- લાખ ઇલેક્ટ્રોનીક વજનકાંટા ખરીદી કરવા માટે મંજુરી આપવામાં આવેલ છે. અને બાકી રહેલી રકમ રૂ. ૬૦/- લાખની રકમમાંથી રાજયમાં પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રોની શાળાઓની દિવાલોમાં ૩-ફૂટ ઉંચાઇ અને ૨-ફૂટ પહોળાઇના પાકા કલરના બોર્ડ બનાવવા જેમાં દિવાલ ઉપર પ્રથમ પાકા કાળા કલરનું બોર્ડ બનાવી તેના ઉપર પાકા સફેદ કલરથી અઠવાડિક ભોજન મેનુની વિગતો, તેમજ ભોજનમાં વાપરવામાં આવતાં અનાજના ઘઉં, ચોખા, દાળ, તેલ, શાકભાજી વિગેરેની માત્રાની વિગતો માટે કલર કામ કરવા દરેક મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્રો દીઠ રૂ. ૨૦૦/- નાખર્ચ લેખે કુલ-30,000 (ત્રીસ હજાર) કેન્દ્રો માટે રૂ. ૬૦/- લાખનો ખર્ચ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠ રા વઃ-**

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રોની દિવાલ ઉપર નિયત કરેલ સાઇઝના પાકા કલરના મેનું બોર્ડ માટે કલર કામ કરવા દરેક મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રો દીઠ રૂ. ૨૦૦/- ના ખર્ચ લેખે કુલ-30,000/(ત્રીસ હજાર) કેન્દ્રો માટે રૂ. ૬૦/- લાખના ખર્ચની નીચેની શરતોને આધિન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને-૨૦૦૯-૨૦૧૦ ના વર્ષની S.T.T.I ના હવાલે તાલીમ માટે મુકેલ ગ્રાન્ટમાંથી બચત રહેલ રૂ. ૧૦૦/- લાખમાંથી રૂ. ૪૦/- લાખનો ખર્ચ ઇલેક્ટ્રોનીક વજનકાંટા ખરીદવા માટે વહીવટી મંજુરી મળેલ છે. જ્યારે બાકીની રહેતી રૂ. ૬૦/- લાખની રકમમાંથી ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ M.M.E અંગેની ભારત સરકારશ્રી તરફથી મળેલ ગ્રાન્ટની મર્યાદામાં અને ભારત સરકારશ્રીની ગાઇડ લાઇન્સ મુજબ કરવાનો રહેશે.

(3) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગના અગ્ર સચિવશ્રી ખર્ચ ની તા.૨૨/૦૨/૨૦૧૧ ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એલ. જે. ચારેલ )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી (ટેકનીકલ શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- સચિવશ્રી, (પ્રા. શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગુ. રા. ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મ.ભો.યો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
-- નિયામકશ્રી, પ્રા. શિ. નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
-- એ. જી. અમદાવાદ/ રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, /અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસ તપાસણી અધિકારી, ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
-- સર્વે કલેકટરશ્રીઓ.
-- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
-- વિભાગની સર્વે શાખાઓ.
-- નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.
-- સિલેકટ ફાઇલ